ज्ञानोन्मेष

ISSN : xxxx-xxxx
Volume-1, Issues: 1, April-June, 2020

# ગિજુભાઈ બધેકાનું શિક્ષણચિંતન : શિક્ષક-વિદ્યાર્થી સંબંધની સપ્તપદી

**કિરીટ ગોસ્વામી**

એફ -૨૦/૬૬૬, પહેલો માળ, રણજિત નગર, જામનગર -૩૬૧૦૦૫
kiritgoswami34@gmail.com

**Received : 14-04-2020** **Published Online : July, 2020** **Accepted : 05-05-2020**

શિક્ષણ અને બાળસાહિત્યના ક્રાન્તિકારી એવા ગિજુભાઈ બધેકાનું આ ઉભયક્ષેત્રનું પ્રદાન અમૂલ્ય અને દીર્ઘજીવી છે. શિક્ષણ અને સાહિત્યના ક્ષેત્રની તેમની આગવી દૃષ્ટિ અને આ ક્ષેત્રે તેમણે કંડારેલી કેડી આજે પણ આપણા માટે માર્ગદર્શક બની શકે.

માર અને ભાર વગરના ભણતરના હિમાયતી એવા ગિજુભાઈ 'મુછાળી મા'ના નામથી શિક્ષણ અને બાળસાહિત્યના જગતમાં અમર છે. બાળકેળવણી અને બાળમાનસનો સ્વીકાર તથા તેને સમજવાની ઊંડી મથામણ ગિજુભાઈએ કરી છે. એ વિષયોનું તલસ્પર્શી તારણ પણ તેમણે આપ્યું છે.

ગિજુભાઈના કર્મક્ષેત્ર અને ધર્મક્ષેત્રના કેન્દ્રમાં બાળક છે. પછી એ બાળસાહિત્ય હોય કે શિક્ષણ હોય. આ બંને ક્ષેત્રને સરસ રીતે જોડી આપવાનું ઉમદા કામ તેમણે કર્યું છે.

- **શિક્ષક-વિદ્યાર્થીનો સંબધ-ગિજુભાઈથી આજપર્યંત...**

શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનો સંબંધ અનેક રીતે વિશિષ્ટ અને આગવો છે. ગુરુશિષ્યની પરંપરાથી લઈને આજના ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઇડના જમાના સુધી શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે એક અવિનાભાવી કડી, અતૂટ રીતે જોડાયેલી રહી છે. બંનેની વચ્ચેનો લાગણી અને સ્નેહનો તંતુ સમયે સમયે નવાં નવાં રૂપે વિકસ્યો અને વિસ્તરતો રહ્યો છે.

માતા અને પિતા પછી શિક્ષક જ બાળકના જીવનમાં કેન્દ્રસ્થાને હોય છે. પૌરાણિક સમય હોય  કે આધુનિક સમય હોય, શિક્ષક સાથેનો વિદ્યાર્થીનો નાતો હંમેશાં મહોરતો રહ્યો છે અને મહેકતો રહ્યો છે.

અર્વાચીન યુગમાં ગિજુભાઈએ બાળકેળવણી સંદર્ભે શિક્ષક અને વિદ્યાર્થીના સંબંધો વિશે સૌ પ્રથમ વિચાર કર્યો. બાળકને ઘડનાર શિક્ષક અને માટીના પિંડ સમાન બાળક કે વિદ્યાર્થીની વચ્ચે એક આદર્શ સંબંધ તો હોય જ. સાથે વાસ્તવિક અને સમયની સાથે સતત તાલ મિલાવીને આગળ ધપતો તથા નવાં પરિમાણ, 'સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે રમઝમ'ના હિંસક શિક્ષણસિદ્ધાંતને સ્થાને બાળકને પ્રેમ, સ્નેહ, સમજાવટ, સહાનુભૂતિ, હળવાશ, રસમયતા અને સંવેદનશીલતા સાથે ભણાવવાની તરફેણ ગિજુભાઈએ કરી. તેમના આ અભિગમનો મૂળ હેતુ તો શિક્ષક અને વિદ્યાર્થીના સંબંધને સુધારવાનો, સંમાર્જિત કરવાનો અને વધુ ગાઢ બનાવવાનો જ રહ્યો હશે. કેળવણીનો ખરો અર્થ ત્યારે

ISSN : xxxx-xxxx
Volume-1, Issues: 1, April-June, 2020

જ સરે, જ્યારે શિક્ષક અને વિદ્યાર્થીની વચ્ચે શ્રેષ્ઠ સંબંધની સ્થાપના થાય. આ સંબંધ મજબૂત અને સ્નેહસભર હોય એમાં જ કેળવણીનું સાર્થકય છે.

**૧. શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે સ્નેહતંતુ :**

‘જગતમાં સર્વે કડીઓમાં વડી છે, પ્રેમની કડી’- એવું કહેનાર કવિના આ શબ્દો, આપણે શિક્ષક અને વિદ્યાર્થીના સંબંધો સંદર્ભે પણ સમુચિત રીતે જ કહી શકીએ કે,‘જગતમાં શિક્ષક અને વિદ્યાર્થીની વચ્ચે પ્રથમ અને પરમ કડી જો કોઈ હોય તો એ સ્નેહ-પ્રેમની કડી જ ગણી શકાય.

બાળકોના હિતચિંતક ગણાતા ગિજુભાઈએ, શિક્ષક અને વિદ્યાર્થીની વચ્ચે પ્રેમ હોય એ બાબતને પ્રથમ અને આવકાર્ય ગણી છે. શિક્ષક પ્રેમની મૂર્તિ જ હોય એમ કહેવામાં કશું ખોટું નથી! ‘જેને જોઈને બાળકો રીઝે અને બાળકને જોઈને જે રીઝે’ આવી સાદી, ટૂંકી અને છતાં ખૂબ જ સાચી વ્યાખ્યા કરનારા કવિના શબ્દો જ ગિજુભાઈના મતે શિક્ષકની ખરી સંકલ્પના છે એમ કહી શકાય.

**૨. શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે સહાનુભૂતિની સંજીવની :**

દુનિયામાં દરેક માણસને કોઈ ને કોઈની સહાનુભૂતિની ઝંખના જીવનભર રહેતી હોય છે. બાળકને તો ડગલે ને પગલે સહાનુભૂતિ અને સ્વીકારની જરૂર પડે છે. શિક્ષકપક્ષે સહાનુભૂતિ ભરેલો વ્યવહાર વધારે અપેક્ષિત છે. સહાનુભૂતિની આંગળી પકડીને જ શિક્ષક અને વિદ્યાર્થીનો સંબંધ મુકામ સુધી પહોંચી શકે.

જેમ કોઈ કુંભાર માટલું ઘડતી વખતે બહારથી ટપલાં મારે છે અને અંદરથી બીજા હાથે ટેકો પણ કરે છે! બસ આ જ રીતે શિક્ષક અને વિદ્યાર્થીના સંબંધને પણ કલ્પવાનો છે.

**૩. શિક્ષક અને વિદ્યાર્થી એકમેકના મન સુધી :**

બાળકો સાથે કામ પાર પાડવા માટે બાળમાનસનો ઊંડો અભ્યાસ હોવો જરૂરી છે. ગિજુભાઈ કેળવણીકાર હોવાની સાથે બાળસાહિત્યકાર પણ રહ્યા છે. તેમના મતે શિક્ષક અને વિદ્યાર્થીની વચ્ચે મનમેળ પણ ખૂબ જ જરૂરી છે. શિક્ષક જો બાળકના મનને ઓળખે તો જ એ કેળવણીની દિશામાં આગળ વધી શકે. એવી જ રીતે બાળકને પણ શિક્ષકની ઘણી વાત વગર કહ્યે જ સમજાઈ જતી હોય છે. અહીં કવિ શ્રી ગની દહીંવાલાની પંક્તિઓ યાદ કરવા જેવી છે :

‘‘ન ધરા સુધી, ન ગગન સુધી,
નહીં ઉન્નતિ, ના પતન સુધી.
ફક્ત આપણે તો જવું હતું
બસ એકમેકના મન સુધી.’’



Editors : *Dr. Prashant Patel, Dr. Nimish Vasoya*
*Published by : Children’s University, Gandhinagar*

ISSN : xxxx-xxxx
Volume-1, Issues: 1, April-June, 2020

એકમેકના મન સુધી જવાની તાલાવેલી અને તમન્ના શિક્ષક અને વિદ્યાર્થી એમ બન્ને પક્ષે હોય તો આ સંબંધ મજબૂત અને મહેક સભર બને!

**૪. ‘મુછાળી મા’ની નેમ : શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે માતા અને બાળક જેવો સંબંધ :**

‘મુછાળી મા’ એ ગિજુભાઈને મળેલું ઉપનામ છે. આ માત્ર ઉપનામ જ નથી; બલકે ખરા અર્થમાં તેમનું સન્માન પણ છે. તેમના ‘દિવાસ્વપ્ન‘ ગ્રંથનો નાયક લક્ષ્મીરામ આમ જોઈએ તો એક આદર્શ શિક્ષકની સંકલ્પનાને જ સિદ્ધ કરે છે. ગિજુભાઈએ શિક્ષકને માસ્તર એટલે કે માના સ્તર સુધી જઈને બાળકને કેળવણી આપનાર શિક્ષકની ભલામણ અને તરફેણ કરી છે. માતાના જેટલી જ હળવાશથી બાળકનું ઘડતર કરે એ શિક્ષક ગિજુભાઈના મનમાં વસેલો છે. જો શિક્ષક અને વિદ્યાર્થીની વચ્ચે મા અને બાળક જેવો સંબંધ હશે તો કેળવણીની ઇમારત ખૂબ જ મજબૂત બનશે.

**૫. શિક્ષક અને વિદ્યાર્થીમાં વિચારસરણીની દિશા અને દશા :**

શિક્ષક પોતાના વિદ્યાર્થીઓને અંધકારમાંથી અજવાસ તરફ લઈ જાય છે તેથી તો સુભાષિતકારે કહ્યું છે :

**“અજ્ઞાન તિમિરાન્ધસ્ય જ્ઞાનાંજનશલાકયા**
**ચક્ષુરુન્મિલિતં યેન તસ્મૈ શ્રી ગુરુવે નમઃ”**

જ્ઞાનની શલાકા વડે શિષ્યનાં મન અને જીવનમાં વ્યાપેલા અંધકારને દૂર કરવાનો એક અર્થ એવો પણ થાય કે શિક્ષક તેના વિદ્યાર્થીઓને સતત નવા વિચારો આપે.

**૬. શિક્ષણ અને વિદ્યાર્થી વચ્ચે માત્ર ચૉક એન્ડ ટૉક નહીં બલકે સંવાદ અને વહાલનો વરસાદ :**

એક જણ બોલે અને બીજો માત્ર સાંભળે એ પ્રક્રિયામાં જીવંતતા નથી રહેતી. એમ કથાઓમાં કદાચ ચાલે પણ વર્ગખંડમાં તો શિક્ષક અને વિદ્યાર્થી બંને બોલે અને બંને એકબીજાને સાંભળે એ રીતે જ શિક્ષણની યાત્રા આગળ વધે.

શિક્ષક માત્ર ચૉક એન્ડ ટૉકનો આગ્રહી હોય તો એ ગિજુભાઈને મંજૂર નથી. બલકે વર્ગમાં સ્વર્ગ રચી આપે એવો શિક્ષક જ વિદ્યાર્થી માટે હિતકારી અને ઉપકારક છે. વર્ગમાં વહાલનો વરસાદ પણ થાય અને સંવેદનાભર્યો સંવાદ પણ થાય.

**૭. શિક્ષક વિદ્યાર્થી સંબંધ : કિતને દૂર? કિતને પાસ?**

કોઈ કવિએ સરસ વાત કરી છે –

**“છે નિકટતા જોખમી, હદથી વધુ :**
**લાગણીથી પણ ઈજા થઈ જાય છે.”**

ISSN : xxxx-xxxx
Volume-1, Issues: 1, April-June, 2020

શિક્ષક તેના વિદ્યાર્થીઓની નજીક જાય અને વિદ્યાર્થી પણ તેની નજીક આવે એ ખૂબ જ જરૂરી પણ છે અને સ્વાભાવિક પણ છે. પરંતુ આ નિકટતા એક ચોક્કસ અંતરે આવીને અટકી જાય તો સારું! અન્યથા બંનેને માટે એ ભયજનક પુરવાર થઈ શકે. આ સંબંધમાં પ્રેમ અને લાગણી ખૂબ જ અનિવાર્ય છે. શિક્ષણ એ લાગણીની ખેતી જ છે. પરંતુ ખેતીમાં પણ જેમ ખાતર અને પાણી ચોક્કસ માત્રામાં જરૂરી છે એમ અહીં પણ ડેડલાઇન ઓળંગી જવાની નથી! અહીં વધારે જવાબદાર વ્યક્તિ શિક્ષક છે. આથી શિક્ષકને જ મર્યાદારેખાનું ભાન અને જ્ઞાન હોવું જોઈએ. તો જ આ સંબંધની ગરિમા જળવાઈ રહે.

આમ, શિક્ષક અને વિદ્યાર્થીના સંબંધો સંદર્ભે વિચારોની આ સપ્તપદી ગિજુભાઈથી લઈને આજના સમય સુધી ખૂબ જ પ્રસ્તુત છે. ખૂબ જ ઉપયોગી અને વ્યવહારુ પણ છે.

ગિજુભાઈનાં ચિંતન અને વિચાર-પ્રસાદમાંથી મેં આ વૈચારિક સપ્તપદી ઘડી છે. મને આશા છે કે શિક્ષક અને વિદ્યાર્થીના સંબંધને વધુ સુંદર અને સુદૃઢ બનાવવા માટે આ સાત વિચારો ઉપયોગી અને ઉપકારક બની રહેશે.

----------

तेजस्वी बालक : तेजस्वी भारत


Editors : *Dr. Prashant Patel, Dr. Nimish Vasoya*
*Published by : Children's University, Gandhinagar*